ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આવો, ગાંધીનગરને હરીયાળુ બનાવીએ...

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરને વધુ હરીયાળુ બનાવવાનો પ્રયાસ કરીએ એક છોડને અપલોડ કરો વાદળોનું ટોળું આવશે લાઈક અને કોમેન્ટ કરવા

ગાંધીનગર, તા.૪

વિશ્વ પર્યાવરણ દિવસની આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છા... પર્યાવરણ જ આપણો જીવ છે ચાલો એનું સન્માન કરીએ.

ગાંધીનગર એક સમયે રાજયના હરીયાળા શહેરમાં પ્રથમસ્થાને હતું. શહેરમાં વિવિધ વિકાસ કામોને પગલે સંખ્યાબંધ વૃક્ષોનું નિકંદન કાઢી નાંખવામાં આવતાં શહેરની હરીયાળી પર ભારે અસર વર્તાઈ રહી છે. ગાંધીનગર શહેર કૂદકે ને કૂદકે હરણફાળ વિકાસ કરી રહ્યું છે પરંતુ આ વિકાસની લાયમાં શહેર ગ્રીનસીટીની ઓળખ ગુમાવવા તરફ આગળ ધપી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ૭૭૦૦ હેકટરમાં જંગલો આવેલાં છે. જયારે ગાંધીનગરમાં પ્રથમ ઈંટ મુકાઈ ત્યારે દુર દુર સુધી જંગલ જ જંગલ હતું. વસ્તીનું તો નામોનિશાન નહોતું એટલે સ્વાભાવિક છે કે હરિયાળી તો આ નગરને વારસામાં મળી છે. કુદરતના દરેક રંગો અહીં જોવા મળે છે. પરંતુ શહેરના વિકાસમાં અનેક કારણોમાંનું એક કારણ છે ગાંધીનગરની આસપાસ થઈ ચુકેલી ગીફટસીટી, ઈન્ફોસીટી અને અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ. એક વખતે પગારદારોના શહેર તરીકે જાણીતું આ પાટનગર હવે અનેક પ્રતિષ્ઠિત કોલેજો અને આઈટી કંપનીઓને લીધે વધુ સમૃદ્ધ અને ગતિશીલ બનતું જાય છે. એક સમયે સાયકલનગર તરીકે જાણીતા ગાંધીનગરના રહેણાંક વિસ્તારોમાં બનેલા કોમન પ્લોટોમાં હવે દેશી વિદેશી કારો મોટા પાયે જોવા મળે છે. ટ્રાફિક જામ અને અકસ્માતો વધી રહ્યા છે. પહેલા ગાંધીનગરને ભીડ વગરનું એકદમ શાંત નગર તરીકે જાણવામાં આવતું હતું જે હવે અમદાવાદની જેમ ભીડ અને ભાગદોડ વાળું બની જવા પામ્યું છે. ભીડ વગરનું એકાંત એ ગાંધીનગર શહેરની ખાસિયત હતી. અમદાવાદથી રાજયનું પાટનગર ગાંધીનગર ખસેડાયું ત્યારે કોઈ સરકારી કર્મચારી આ જંગલમાં રહેવા જ તૈયાર ન હોતા સરકાર મફતના ભાવે રહેણાંક પ્લોટો આપે તો પણ. જો કે ધીરે ધીરે આ પ્લોટોથી ગાંધીનગર ભરાયું ગયું અને હાલમાં શહેરમાં મકાનોની સંખ્યા વધતી જઈ રહી છે. જો કે સ્થાપનાના આટલા વર્ષો પછી પણ ગાંધીનગર હજુ સંપૂર્ણ સુવિધાયુકત નગર તો નથી બની શકયું પણ શાંત, હરિયાળું, રમણીય, કુદરતનો સાક્ષાત્કાર કરાવનાર અને બીજા શહેરોની સરખામણીમાં અનેક ગણું સુરક્ષિત. આ નગરમાં રહેવું એ એક લ્હાવો છે. આધુનિક બની રહેલા શહેરના લીધે વૃક્ષો કપાતા જાય છે તેથી શહેરની જે હરિયાળી હતી તે હવે ઓછી થતી રહી છે. આ હરીયાળીને પાછી લાવવા માટે આપણે સૌએ સાથે મળીને ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીગરને વધુ હરીયાળું બનાવવાનો સંકલ્પ લેવો જોઈએ. ગાંધીનગરને હરીયાળું બનાવવા માટે શું કરવું જોઈએ કેવા પગલાં લેવા જોઈએ તે અંગે ગાંધીનગર સમાચાર દ્વારા શહેરના નાગિરકો પાસેથી પ્રતિભાવો લેવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં દરેક નાગરિકે પોતાના અલગ અલગ સુંદર પ્રતિભાવો રજુ કર્યા હતા.

●●●

સ્વચ્છતા, વૃક્ષો અને વન્ય સંપદા બાબતે આપણું શહેર ગાંધીનગર હંમેશા રાષ્ટ્રિય કક્ષા એ



અગ્રેસર રહ્યું છે. અને આપણા આ હરિયાળાં શહેરને ગ્રીન સીટીના દરજજે વધુ સમૃદ્ધ કરવા માટે (૧) સ્વયં લોક જાગૃતિ કેળવી, વધુ ને વધુ ઉપીયોગી વૃક્ષો નું વાવેતર કરવું જોઈએ. (૨) બીજા ક્રમે, સ્વચ્છતા અને સુઘડતા. કોર્પોરેશન દ્વારા અનેકવિધ પ્રકારના કચરાઓના નિકાલ માટેની વ્યવસ્થામાં સહયોગ આપી એક સુંદર, સ્વરછ, અને સ્વસ્થ શહેરનું નિર્માણ કરવું. (૩) પ્લાસ્ટીકમાંથી બનતી વસ્તુઓનો સ્વૈચ્છિક ત્યાગ કરી તેનો ઉપયોગ ઘટાડવો જોઈએ. કારણ કે, પ્લાસ્ટીક પર્યાવરણ માટે ઘણો જ ઘાતક પદાર્થ છે. (૪) પાણી જેવા અમૂલ્ય કુદરતી તત્વનો સમજ પૂર્વક ઊપિયોગ કરી, આપણી પાસે ઉપલબ્ધ જળ સ્ત્રોતોની જાળવણી કરવી જોઈએ. (૫) આસપાસની વન સંપદા, પશુ - પક્ષીઓના આવાસને ખલેલ પહોંચાડયા વગર આપણે વિકાસ ના કાર્યો કરવા જોઈએ.

**- હિતેશભાઈ મકવાણા, ગાંધીનગર મેયર**

●●●

આ એક ઝુંબેશ છે જેમાં ગાંધીનગરના દરેકે દરેક નાગરિકે



જોડાવવાનું છે. દરેક વ્યકિતએ ખાલી ઝાડ વાવવાનું તો છે જ પણ સાથે તેને મોટું કરવાની જવાબદારી સાથે. વરસાદી સિઝનમાં સ્કુલ, કોલેજો, સરકારી કચેરીઓ દ્વારા 'ગો ગ્રીન' ઝુંબેશ સાથે એક એક વૃક્ષ રોપવાનું છે. ગાંધીનગરના રસ્તા પર ફરી બંને બાજુ લીમડા જેવા વૃક્ષો વાવી ગ્રીન ગાંધીનગરની છબી પાછી લાવીએ.

**- અર્પણ દેસાઈ, બ્રીજ ગૃપ, મેનેજીંગ ડાયરેક્ટર**

●●●



ગરવી ગુજરાતનું ગૌરવવંતુ પાટનગર એટલે આપણું પોતીકું હરિયાળુ રળિયામણું ગાંધીનગર હરિયાળુ અને રળિયામણું ત્યારે જ રહેશે કે જયારે વૃક્ષો વાવવાની સાથે એનું જતન પણ થશે સાથે સાથે દિવસે ને દિવસે લોકોની જે ઘર આંગણે પેવર બ્લોક લગાવવાની ઘેલછા છે તેને હટાવીશું. પેવર બ્લોકથી વરસાદી પાણી જમીનમાં જતું અટકે અને ભૂકંપની શક્યતાઓ વધશે. તેથી જમીન અને આપણાં અસ્તિત્વને બચાવવા માટે વૃક્ષો વધુ ને વધુ વાવો ને એનું જતન કરો .

**- હેમા ભટ્ટ, કોર્પોરેટર**

●●●

પર્યાવરણ સંરક્ષણ એ કોઈ રોકેટ સાયન્સ નથી. કોઈપણ વ્યક્તિ પોતાની રોજબરોજની



ટેવોમાં થોડા ફેરફાર કરીને આ કામ કરી શકે છે. વૃક્ષો ઉછેરીને, પાણીનો ખપ પૂરતો જ ઉપયોગ કરીને, પ્લાસ્ટિક ઓછામાં ઓછું વાપરીને, તેનો યોગ્ય રીતે નિકાલ કરીને, ઈલેક્ટ્રિસીટી કે અન્ય બળતણનો વ્યય નહીં કરીને કોઈ પણ વ્યકિત પર્યાવરણ સંરક્ષણ કરી શકે. અને જો પૃથ્વી પર જીવન ટકાવી રાખવું હશે, તો સહુએ તે કરવું જ પડશે. આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે હું એટલું જ કહીશ કે, GO GREEN BY HEART.

**- અંજના નિમાવત, વનશ્રી ટ્રસ્ટ પ્રમુખ**

●●●

૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે શહેરના નાગરિકોને એક સંદેશ અપીલ છે ગાંધીનગર શહેરને ગ્રીનસીટી બનાવવા માટે દરેક નાગરિકો એ એક વૃક્ષ ઘરના આંગણે વાવી સંપૂર્ણ માવજત સાથે ઉછેરવાની જવાબદારી લેવામાં આવે અને ગાંધીનગર શહેર ને ગ્રીનસીટી તરીકે વર્લ્ડમાં



નોધાયેલ હતું પરંતુ શહેરના વિકાસ માટે સરકાર દ્વારા આડેધડ વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું તેનું ઘણું દુખ વ્યકત કરવામાં આવે છે. આથી દરેક નાગરિકો સરકાર દ્વારા પર્યાવરણની જાળણવી કરવામાં આવે તેવી શહેરના નાગરિકોને નમ્ર અપીલ છે.

**- કેશરીસિંહ બિહોલા, પ્રમુખ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ**

●●●

ગાંધીનગરને ગ્રીન અને કલીનસીટી બનાવવા અમારી



નેચર ફર્સ્ટ સંસ્થા સક્રીય રીતે કામગીરી કરી રહી છે અને આ અંગે નગરજનોમાં જાગૃતિ આવે તે માટે ૪૪ અઠવાડિયાથી પ્લાસ્ટીક મુકત ગાંધીનગર બનાવા લોકસહયોગથી ઘણું કામ થયું છે. ગયા ચોમાસામાં ગાંધીનગરમાં વિવિધ સેકટરોમાં અંદાજે ૭૦૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર અને ઉછેરનું કામ કર્યુ છે. ચાલુ વર્ષે પણ આ પ્રકારનું આયોજન કરી પ્રદુષણ મુકત ગાંધીનગર બનાવવાનો અમારો સંકલ્પ છે.સૌ નાગરિકોને આ અભિયાનમાં જોડાવા અમારું આહવાન છે.

**- ડો. એન.પી. પટેલ સંસ્થાપક, નેટર ફર્સ્ટ**

●●●

કદાવર વૃક્ષોને કપાતાં અટકાવવા જોઈએ અને આવા વૃક્ષો વાવાઝોડાની સામે ટકી રહે તે માટે વૃક્ષોને આવરી લેતા ઓટલા કરવાની જરૂર છે. વૃક્ષારોપણની ઝુંબેશમાં સરકારી અધિકારીઓમાં ઉદાસીનતા જણાય છે તે દૂર કરી અનુભવી



અધિકારીઓ અને સ્ટાફને સક્રીય કરી વસાહતીઓની ભાગીદારીમાં આયોજન કરવું જોઈએ. ગુડાનો સાયકલ પ્રોજેકટ ફરી ચાલુ કરવો. બાગ, બગીચા, વૃક્ષારોપણ, વનવિસ્તારને વધારીને જમીન આરક્ષિત કરવી જરૂરી છે. ઉનાળાની ગરમીમાં સૂકાઈ રહેલા નાના વૃક્ષો-રોપાઓને નિયમિત રીતે ટેન્કર દ્વારા પાણી આપવાનું અભિયાન વનવિભાગે કરવું જોઈએ.

**- જશવંત ગાંધી, સેકટર-૭-એ, વસાહત મંડળ પ્રમુખ**

●●●

'જ્યાં જગ્યા, ત્યાં વૃક્ષનો' પ્રોજેક્ટ લાવવો જોઈએ.



ગાંધીનગરને હરિયાળું બનાવવા 'જ્યાં જગ્યા, ત્યાં વૃક્ષનો' પ્રોજેક્ટ લાવવો જોઈએ. આપણે સુવિધાઓ અને પ્રકૃતિ બંન્નેમાંથી પ્રકૃતિને પ્રાથમિકતા આપવી પડશે. તંત્રએ ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પર વધુ ભાર મૂકવો જોઈએ. નાગરિકોને વૃક્ષ વાવવા અને ઉછેરવા માટે જાગૃત કરવા સ્થાનિક કોર્પરેટરોએ આગળ આવવું જોઈએ. ગાંધીનગરને હરિયાળું રાખવા અત્યારે જે વૃક્ષો છે એનું જતન કરવું, વિકાસ કાર્યોમાં ઓછામાં-ઓછાં વૃક્ષ કપાય એનું ધ્યાન રાખવું સાથે વધુ વૃક્ષ વવાય એવો પ્રયત્ન કરવો અને વૃક્ષ કાપણીના કડક કાયદા અમલમાં આવવા જોઈએ.

**- મેહુલ તુવર, 'ગાંધીનગર ચમકાવવું છે' (જીસીસી) ગૃપ**

●●●

ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવા માટે સેકટર-૨૩ ખાતે નિસર્ગવનનો પ્રયોગ લોકભાગીદારીથી વ્યાપકપણે કરી શકાય. વર્ટિકલ ગાર્ડન વિભાવનાને વાસ્તવિક બનાવી શકાય જેમાં અગ્રણી બિલ્ડર્સ, મારફતે સુપેરે કાર્ય થઈ શકે. જાહેરસ્થળો ખાતે થતી ચિતરામણીઓ સામે કડક પગલાં લેવા અને દંડ સ્વરૂપે વૃક્ષ ઉછેરની ફરજ પાડી શકાય. તમામ સરકારી કચેરીની દિવાલો પર વર્ટિકલ ગાર્ડન ફજીયાત કરી શકાય. વાણિજય સંકુલો અને શૈક્ષણિક સંસ્થાઓની સક્રીય ભાગીદારીનો લાભ મેળવી શકાય.

**- નરેશ ઠાકોર, જાણીતા પર્યાવરણવિદ**

●●●

ભવિષ્યની ચિંતા કરી વૃક્ષોનું જતન કરીશું. કોરોના



વાયરસના સંક્રમણે આપણને પ્રાકૃતિક ઓક્સિજનની આપણને કિંમત સમજાવી છે સાચું ને? ઓક્સિજન ખૂબ જ કીંમતી હોવા છતાં પણ સાવ મફતમાં વૃક્ષો આપણને સતત ઓક્સિજન આપ્યાં કરે છે વૃક્ષએ પર્યાવરણનું એક અભિન્ન અંગ છે. કુદરતે આપણને ખુબજ આપ્યું છે હવે તેનું ઋણ ચૂકવવાનો સમય આવ્યો છે. ચાલો આપણે બીજું કંઈ ના કરીએ તો આ ત્રણ વસ્તુનો ચોક્કસથી અમલ કરીએ જેમ કે હું ઘર કે ઓફિસના અન્ય કામ કરતી વખતે બિનજરૂરી પાણીનો વ્યય નહીં કરું, ભવિષ્યની ચિંતા કરી વૃક્ષોનું જતન કરીશ (વડ, પીપળ, ઉમરો જેવા વૃક્ષો ઊછેરીશ), શક્ય હોય તેટલી ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો જ ઉપયોગ કરીશ. ગાંધીનગરને પુનઃ ગ્રીનસીટી બનાવવા તમને પણ આવા સંકલ્પ લેવા અપીલ કરું છું. આ સાથે પર્યાવરણ પ્રેમી સંસ્થાઓને સાથ સહકાર આપીએ.

**- રાજન ત્રિવેદી, કારોબારી સભ્ય, હેપ્પી યુથ કલબ**

●●●

દર જન્મદિવસે એક વૃક્ષ વાવવાનો સંકલ્પ કરીએ.



આજનો દિવસ એટલે વિશ્વ પર્યાવરણ દિવસ, કુદરતે આપણને ખુબ જ આપ્યું છે હવે તેનું ઋણ ચૂકવવાનો સમય આવી ગયો છે. ચાલો આજના દિવસે શપથ લઈએ કે હું દર વર્ષ દરમિયાન મારાં કે ફેમિલીના જન્મદિવસના દિવસે એક વૃક્ષ વાવીશ અને તેનું પુરેપુરું જતન કરીશ. ગાંધીનગરને ફરીથી ભારતનું ગ્રીન સિટી બનાવવા માટે વૃક્ષ વાવીશું અને તેનું પાંચ વર્ષ જતન કરીશું, સરકાર પર્યાવરણ પ્રેમી સંસ્થાને સાથે લઈ આ અભિયાનને આંદોલનના રૂપમાં વૃક્ષારોપણ કરવું જોઈએ.

**- રાજુભાઈ પટેલ, ઉમિયા પર્યાવરણ ગૃપ, સે-૨૬**

●●●

સૌ સાથે મળીને વૃક્ષોને ઉછેરવાનો સંકલ્પ કરીએ. લો, ફરી એકવાર વિશ્વ પર્યાવરણ દિવસ આવી ગયો, આપણે વૃક્ષારોપણ કરીને તેને ઉજવીએ છીએ પરંતુ



શું એ પુરતું છે? માત્ર એક દિવસની ઉજવણી કરીને શું આપણને સમગ્ર વર્ષ દરમિયાન વૃક્ષ કાપવાનો હક્ક મળી ગયો તેવું તો માની નથી લેતાં ને? મિત્રો, આપણાં ગાંધીનગરને ફરી હરિયાળુ બનાવવા આપણે સૌ સાથે મળીને સંકલ્પ લઈએ કે વધુમાં વધુ વૃક્ષારોપણ કરીશું અને વાવેલાં વૃક્ષોનું જતન પણ કરીશું. વૃક્ષોને ઉછેરીને પર્યાવરણ પ્રત્યેની આપણી ફરજ નિભાવીએ.

**- કલ્પેશ જોશી, વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ તથા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સ્વયંસેવક**

●●●

ગાંધીનગરનો ફરી હરિયાળું બનાવવા વનતંત્રએ જાગ્રત અને સક્રીય થવાની



જરૂર છે, નવા પ્લાન્ટેશન કર્યા છે તેની અને તેની સુરક્ષા વાડનું સંરક્ષણ વનવિભાગના ચોકીદારોએ ગંભીરતાપૂર્વક કરવું જોઈએ. શહેરમાં માર્ગોની આસપાસના વિસ્તારને પ્રોટેકટેડ ફોરેસ્ટ જાહેર કરી તે અનુસાર તેની જાળવણી થાય તેમજ તેમાંથી કોમર્શિયલ દબાણો, ઝુંપડપટ્ટી વગેરે હટાવવા સહિત તમામ પ્રકારની અન્ય પ્રવૃત્તિ પર રોક લગાવવી જરૂરી છે તે માટે વનવિભાગના અધિકારીઓએ કડક મોનીટરીંગ કરવું જરૂરી છે. ભુતકાળમાં વાવેલાં વૃક્ષોના જતન માટે ઉચ્ચ કક્ષાએથી જાળવણી માટે ગંભીરતા જરૂરી છે તેમજ સમગ્ર વનવિભાગની પ્રવૃત્તિઓ બાબતે મંત્રી કક્ષાએથી અંગત રસ લઈને ગંભીરતાપૂર્વક કાર્યવાહી કરવી જરૂરી છે, ફોરેસ્ટ કન્ઝર્વેશન એકટનું પાલન કરાવવું જોઈએ.

**- દિનેશસિંહ ચાવડા, જાણીતા ઉદ્યોગપતિ તથા પૂર્વ વન અધિકારી**


## જન્મદિને વધામણી



હરીશ ત્રિવેદી (ટેક્સ એડવોકેટ)



આત્મારામ ખત્રી
મો. ૯૭૩૭૧ ૨૪૨૩૪



ખ્યાતિ ભટ્ટ



સુરેશભાઈ કચરાભાઈ પારેખ
મો. ૮૦૦૦૯૫૭૪૬૨



ગોવિંદભાઈ કા વાળંદ
મો. ૯૪૨૭૦૨૬૭૩૦

## સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૪

પર્યાવરણમાં વધી રહેલા અસંતુલનને ધ્યાનમાં રાખી ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા વિશ્વ પર્યાવરણ સુરક્ષાને લઈને જાગૃતતા ફેલાવવા વિદ્યાર્થીઓ માટે પોસ્ટર કોમ્પીટીશનનું આયોજન પર્યાવરણની થીમને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરી પ્રદૂષણને રોકવા જાગૃતિ ફેલાવવામાં આવી. પ્રોગ્રામમાં મુખ્ય અતિથિ તરીકે ડો મયુર જોશી, મનોજભાઈ જોશી, સંજય થોરાટ, ફેમિના પ્રેસિડેન્ટ વૈશાલી જોશી, દિલીપ દવે, કોર્પોરેટર હેમાબેન બ્રહ્મભટ્ટ, મમતાબેન રાવલ તથા લાયન્સ કલબના સભ્યો દ્વારા હાજરી આપીને વૃક્ષારોપણનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના રજીસ્ટ્રાર ડોકટર એમ ડી પાંડે તથા પ્રિન્સિપલ ડો રાજી ડેનિસ અને તમામ સ્ટાફ મિત્રોએ વૃક્ષારોપણ પ્રોગ્રામમાં પોતાનો સહયોગ આપ્યો હતો. ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાનો માર્ગદર્શન બદલ ખૂબ ખૂબ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## સિવિલ કેમ્પસમાં ૧૦૮ની ટીમ દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૪

જીવીકે ઈ.એમ.આર.આઈ ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓ ૨૪ કલાક ઈમરજન્સી કેસ માટે ખડેપગે હોય છે અને લોકોનો જીવ બચાવવા માટે કટિબદ્ધ બન્યા છે, મહામારી સામે લોકોના જીવ બચાવવાની સાથે સાથે આજરોજ તારીખ ૪ જૂન ૨૦૨૨ નાં રોજ ગાંધીનગર સિવિલના ડોકટર સ્ટાફ અને જીવીકે ઈ.એમ.આર.આઈ ૧૦૮ ઈમરજન્સી સેવાના તેમજ અન્ય પ્રોજેકટનાં કર્મચારીઓએ સાથે મળી વિશ્વ પર્યાવરણ દિવસની



ઉજવણી કરી હતી અને સિવિલના પટાંગણમાં વૃક્ષારોપણ કરી પ્રકૃતિને પણ નવું જીવન આપવાનો સંકલ્પ કર્યો હતો.

તેમજ જિલ્લાના અલગ અલગ લોકેશન પર વિવિધ જાતના વૃક્ષ રોપી ગ્રીનસિટીને વધુ ગ્રીન કરવાની પહેલ સાર્થક કરી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિ લાખાણી તેમજ આર.એમ.ઓ ડૉ. પરમાર, એ.આર.એમ.ઓ. ડૉ સુધા શર્મા તથા ગાંધીનગર જિલ્લાના પ્રોગ્રામ મેનેજર મિલન પટેલ તથા અક્ષય પંચાલ અને અન્ય સ્ટાફ સાથે ૧૦૮ સેવાના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૪

ભાજપાના પ્રાથમિક સદસ્યતા અભિયાન તેમજ અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલ, અધ્યક્ષ ઋચિર ભટ્ટ, ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગુડાના પૂર્વ ચેરેમન આશિષ દવે, સંગઠનના હોદ્દેદારો તેમજ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ૪ થી ૭ જૂન દરમિયાન ઈ-વેસ્ટ કલેકશન કાર્યક્રમનું આયોજન

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૪ જુનથી ૭મી સુધી નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે ઈ-વેસ્ટ કલેકશન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈલેકટ્રીક અને ઈલેકટ્રોનિકસ બિન ઉપયોગી ચીજવસ્તુઓ એટલે કે જૂના રેડિયો, ટેપ રેકોર્ડર, ફ્રીજ, વોશીંગ મશીન, મોટર, બેટરી, લેપટોપ, ઈસ્ત્રી, મિકસર વગેરે સ્વીકારવામાં આવશે. સરકાર માન્ય ઈ-વેસ્ટ કલેકશન એજન્સી આ ઈ-વેસ્ટ લઈ જઈને તેનું રીસાયકલીંગ કરશે તેથી ૪ થી ૭ જૂને સવારે ૯ થી સાંજે ૫ કલાક દરમિયાન નિસર્ગ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે આ અભિયાન કાર્યરત રહેશે. જેમાં જોડાવા માટે અને સાથ સહકાર આપવા માટે જણાવાયું છે. જે વેસ્ટ લેવાશે તેનું યોગ્ય વળતર, રિસિપ્ટ, એક વૃક્ષનો છોડ પણ આપવામાં આવશે. વધુ માહિતી માટે ૯૦૯૯૯ ૨૪૦૮૧ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ત્રિવેદી મુકેશભાઈ અમૃતલાલ,** ઉ.વ. ૫૮, રૂપાલ
- **સ્વ. પટેલ નટવરભાઈ બાપુભાઈ,** ઉ.વ. ૮૫, સેકટર-૫
- **સ્વ. ઠાકોર ચમનજી ચતુરજી,** ઉ.વ. ૫૪, નારોલા, કડી
- **સ્વ. ઝાલા રણજીતસિંહ મેતુભા,** ઉ.વ. ૨૭, સોલા, અમદાવાદ
- **સ્વ. ઠાકોર લલીબેન બબાજી,** ઉ.વ. ૯૦, ડભોડા